
# ચૂંટણી નહીં લડવાના શંકરસિંહના સંકેતથી કોંગ્રેસમાં નવા-જૂનીના એંધાણ



ગાંધીનગર, તા.૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને આડે હવે માત્ર ગણતરીના મહિનાઓ જ બાકી છે તે પૂર્વે આજે ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આગામી વિધાનસભા ચૂંટણી નહીં લડવાના સંકેતો આપતાં ગુજરાત કોંગ્રેસમાં આગામી દિવસોમાં નવા જુનીના એંધાણ વર્તાઈ રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના બાયડમાં આજે ખાનગી હોસ્પિટલના ઉદઘાટનમાં હાજરી આપવા આવેલા વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે ચૂંટણીઓ બહુ લડયો લોકસભા કે વિધાનસભામાં લડવું મહત્વનું નથી. પ્રજાના પ્રશ્નો માટે લડવું જરુરી છે. તેમના આ નિવેદનને ઘણું સૂચક માનવામાં આવે છે. મહત્વનું એ છે કે બાયડ શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહનો મત વિસ્તાર છે. તેમણે જે રીતે ચૂંટણી નહીં લડવાનો સંકેત આપ્યો છે તેનાથી રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ થઈ ગઈ છે કે શું શંકરસિંહ આગામી ચૂંટણી નહીં લડે અને નિવૃત્તિ લઈ લેશે. શંકરસિંહ વાઘેલાએ એક કાર્યક્રમમાં આપેલા સંકેતથી તેઓએ આગામી ચૂંટણી લડવા પર મૌન તોડયું છે. જેમાં તેમણે ચૂંટણીઓ બહુ લડયા હવે સમાજના પ્રશ્નો માટે લડવાનું છે તેમ ગર્ભિત વાત કરવાનો પ્રયાસ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે શંકરસિંહ વાઘેલાએ ટવીટર પર પણ કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને અનફોલો કર્યા હતા એટલું જ નહી તેમણે ભાજપ માટે કરેલી કેટલીક ટવીટો પણ દૂર કરી નાંખી હતી.

# જિલ્લાકક્ષાની તરણ સ્પર્ધા યોજાઈ



ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલ, અડાલજ ખાતે બાળકો માટે જિલ્લાકક્ષાની તરણ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં જિલ્લાના બાળ તરવૈયાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગરમીથી રાહત મેળવવાનો ઉપાય અને ઉનાળાની રજાઓમાં સ્પોટ્ર્સનો બેવડો લાભ આ ઉપક્રમથી બાળ તરવૈયાઓને થઈ ગયો હતો.

# છેલ્લાં છ વર્ષમાં તારની વાડ માટે ૧૨૨૯ ખેડૂતોની અરજી

## અરજીઓ મંજૂર ઓછી કરાઈ પણ ૪૮૧ ખેડૂતોને લાભ થયાનો તંત્રનો દાવો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા છ વર્ષમાં ૧૨૨૯ જેટલા ખેડૂતોએ પોતાના ખેતરના પાકને બચાવવા માટે તારની વાડ બનાવવા અંગે સરકારને અરજી કરી હતી.

મળતી વિગતો પ્રમાણે આ અરજદારો પૈકી ૧૭૯ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી અને તેનાથી ૪૮૧ જેટલા ખેડૂતોને લાભ મળ્યો છે. આ તારની વાડ બનાવવા પાછળ રૂ. ૧૩૬.૭૨ લાખની સહાય સરકારે ચુકવી હોવાનું જાણવા મળેલ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૧૧-૧૨માં ૨૭, ૨૦૧૨-૧૩માં ૪૫, ૨૦૧૩-૧૪માં ૧૦૦, ૨૦૧૪-૧૫માં ૧૦૬, ૨૦૧૫-૧૬માં ૫૦૪ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૪૪૭ અરજીઓ સરકારને મળી હતી.

આ પૈકી વન વિભાગે ૨૦૧૧-૧૨માં ૨૧ અને ૨૦૧૫-૧૬માં ૧૫૮ અરજીઓને મંજૂરી આપી અને લાભાર્થીઓને લાભ આપ્યો હતો. જેમાં વન વિભાગે આ લાભાર્થીઓને ૨૦૧૧-૧૨માં ૧૨ લાખ, ૨૦૧૨-૧૩માં ૧૨.૯૨ લાખ, ૨૦૧૩-૧૪માં ૧૨ લાખ, ૨૦૧૪-૧૫માં ૨૫ લાખ, ૨૦૧૫-૧૬માં ૭૪.૮૦ લાખની સહાય ચુકવી આપી છે.

ગાંધીનગર જિલ્લામાં પાક-ભેલાણની સમસ્યા ગંભીર બની રહી છે અને આ બાબતે સરકારે જરૂરી પગલાં સત્વરે લેવા જોઈએ તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.

# નીટમાં અંગ્રેજી-ગુજરાતી માધ્યમના પ્રશ્નપત્રમાં તફાવતના મુદ્દે ભૂપેન્દ્રસિંહ દ્વારા રજૂઆત

## આવતીકાલે કેન્દ્રીય શિક્ષણમંત્રીએ આ પ્રશ્ને નવી દિલ્હી ખાતે સંબાંધિત અધિકારીઓની બોલાવેલી બેઠક

ગાંધીનગર, તા. ૧૪

ગયા અઠવાડિયે ૭મી મે ના રોજ લેવાયેલ નીટની પરીક્ષામાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના પેપરમાં જોવા મળેલ તફાવતના મુદ્દે તેની ગંભીરતાને ધ્યાને લઈને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રકાશ જાવડેકરનું ધ્યાન દોરીને આ કારણે ગુજરાતના વિદ્યાર્થીઓને સહેજ પણ અન્યાય ન થાય તે જોવા ભારપૂર્વક રજૂઆત કરી હતી. આજે વડોદરા ખાતે એક કાર્યક્રમમાં આવેલા જાવડેકરને રૂબરૂ મળીને ચુડાસમાએ આ રજૂઆત કરી હતી. જેનો કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ સાનુકૂળ, હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. પ્રકાશ જાવડેકરે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની આ રજૂઆતના પગલે આ પ્રશ્નને નવી દિલ્હી ખાતે સવારે ૧૧ કલાકે સંબંધિત ઉચ્ચ અધિકારીઓની બેઠક બોલાવી છે જેમાં આ પ્રશ્નની ચર્ચા કરાશે. ચુડાસમાએ જણાવ્યું હતું કે, નીટની ઉપરોક્ત પરીક્ષામાં બન્ને માધ્યમોના પેપરમાં તફાવત જોવા મળ્યો હતો. ખરેખર તો મૂળ પેપરનો અક્ષરશઃ અનુવાદ જ અન્ય માધ્યમની ભાષાના પેપરમાં હોવો જોઈએ પણ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની ભાષાના પેપરમાં જોવા મળેલા તફાવતના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓને મોટો અન્યાય થવાની સંભાવના છે. આ તફાવતની ગંભીરતાને ધ્યાને લઈને કેન્દ્રીય શિક્ષણ મંત્રીનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

# રાજ્યમાં ૮મીથી ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ

## ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૫૦ ટકાથી વધુ સ્ત્રી સાક્ષરતાદર ધરાવતા ગામમાં વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાશે : ધો. ૮માંથી ૯માં પ્રવેશપાત્ર બાળકોમાં ૨૦ ટકાથી વધુ ડ્રોપઆઉટ ધરાવતા ગામોમાં જ પદાધિકારીઓ અને અધિકારીઓ જશે

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યમાં આ વખતે શાળા પ્રવેશોત્સવ ૮, ૯ અને ૧૦ જૂન દરમ્યાન યોજવાના સંકેતો શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થયા છે.

મળતી વિગતો પ્રમાણે દર વર્ષે યોજવામાં આવતા શાળા પ્રવેશોત્સવમાં આ વર્ષે કેટલાક મહત્વના ફેરફારો કરવાનો નિર્ણય પણ રાજ્ય સરકારે કર્યો છે. જો કે હજુ પ્રવેશોત્સવ પર્વની ઉજવણીને આડે ઘણા દિવસો બાકી હોઈ કેટલાક વધુ ફેરફારો પણ કરવામાં આવે તેવા સંકેતો શિક્ષણ વિભાગના આ સૂત્રો આપી રહ્યા છે.

રાજ્યની શાળાઓમાં મે ના આરંભથી ઉનાળુ વેકેશનનો આરંભ થયો છે અને આ શાળાઓ જૂનથી નવુ શૈક્ષણિક સત્ર શરૂ કરવા જઈ રહી છે. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે સરકાર દ્વારા પ્રવેશોત્સવ યોજવામાં આવે છે. ત્રિદિવસીય પ્રવેશોત્સવમાં રાજ્ય સરકારના પદાધિકારીઓ અને અધિકારીઓ ગ્રામ્ય વિસ્તારના અંતરિયાળ વિસ્તારોમાં જતા હોય છે.

તાજેતરમાં જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓની યોજાયેલ બેઠકમાં જૂન માસના સંભવિત કાર્યક્રમોની રૂપરેખા આપવામાં આવી હતી જેમાં પ્રવેશોત્સવ અને વન મહોત્સવના કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે સરકારે શાળા પ્રવેશોત્સવના વર્તમાન નિયમોમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૫૦ ટકાથી વધુ સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા ગામોમાં પ્રવેશ મેળવનાર કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાનો મહત્વનો ફેરફાર કર્યો છે.

આ ઉપરાંત ઉચ્ચ પ્રાથમિક પછી ડ્રોપઆઉટ રેસિયો વધુ જણાયો છે ત્યારે સરકારે ૨૦ ટકાથી વધુ ડ્રોપઆઉટ રેસિયો જે ગ્રામ્ય વિસ્તારોમાં ધો. ૮ થી ધો. ૯ના પ્રવેશમાં જણાયો હોય તેવા વિસ્તારોમાં અધિકારીઓ અને પદાધિકારીઓને મોકલવા માટેનો પણ નિર્ણય કરેલ છે.

સરકાર હજુ પણ કેટલાક ફેરફાર આ પ્રવેશોત્સવ પર્વની ઉજવણીમાં કરવા માંગે છે અને તે અંગેની હકીકતો હાલ વિચારાધીન હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

શિક્ષણ વિભાગે પ્રવેશોત્સવ માટેની તૈયારીઓ જિલ્લાકક્ષાએ શરૂ કરવાની પણ ખાસ સૂચનાઓ જારી કરી દેવાઈ હોવાનું આ સૂત્રોએ કબુલ્યુ છે. જો કે પ્રવેશોત્સવમાં કયા અધિકારી અને કેટલા રૂટ કેટલી શાળા તે અંગે સરકારના માર્ગદર્શન પછી નિયત કરવા માટે પણ જણાવાયુ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે સરકારે દરેક જિલ્લાને પ્રવેશપાત્ર બાળકોના સર્વેની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા જણાવ્યુ છે એટલુ જ નહિ કન્યા અને કુમારની સંખ્યા સાથે

● અનુસંધાન સાતમા પાને

# જિલ્લાના ૧૧૯ ઉદ્યોગગૃહો પાસેથી ૫૮૬ કરોડનો વેચાણવેરો બાકી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં ૧૧૯ ઔદ્યોગિક એકમો પાસેથી રૂ. ૫૮૬.૧૬ કરોડની વેચાણવેરાની વસુલાત બાકી નીકળે છે. તાજેતરમાં રાજ્ય વિધાનસભા ગૃહમાં કોંગીના શૈલેષભાઈ પરમારે ૩૧-૧૦-૧૬ની સ્થિતિએ રાજ્યમાં ૧૦ લાખથી વધુ વેચાણવેરાની વસુલાત બાકી હોય તેવા એકમોની માંગેલી વિગતોમાં આ હકીકત જણાવવામાં આવી છે.

છેલ્લા પાંચ વર્ષમાં આ તમામ એકમો સામે જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હોવાનું પણ નાણાં મંત્રી નીતિનભાઈ પટેલે સ્વીકાર્યુ છે.












# જિલ્લામાં રોજગારી મેળવવા આવતા મજૂરોને આરોગ્યતંત્ર હેલ્થકાર્ડ આપશે

## હેલ્થકાર્ડમાં ફોટોગ્રાફ્સ ઉપરાંત બ્લડગ્રૂપ તેમજ અન્ય વિગતો હશે : બાંધકામ સાઈડના સંચાલકો જ આ મજૂરોને દર સોમવારે સ્ક્રીનીંગ માટે લઈ આવવાના રહેશે

ગાંધીનગર, તા. ૧૪

જિલ્લાની વિવિધ બાંધકામ સાઈટો પર કામ કરતા મજૂરોને જિલ્લાનું આરોગ્યતંત્ર એક હેલ્થ કાર્ડ આપવાનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ટૂંક જ સમયમાં હાથ ધરશે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં બહારથી રોજગારી મેળવવા આવતા મજૂરોનું દર સોમવારે બાંધકામ સાઈટના સંચાલકે તેના વાહનમાં નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સબ સેન્ટર પર સ્ક્રીનીંગ માટે લઈ આવવાના રહેશે. આ અંગે જિલ્લા તંત્ર દ્વારા તમામ બાંધકામ સાઈટોના સંચાલકોને પત્ર લખવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બહારથી આવતા મજૂરોમાં રોગચાળો થવાનો ભય વધુ રહે છે અને તે નજીકના સરકારી દવાખાનામાં સારવાર માટે જવુ જોઈએ તેનાથી અજાણ હોવાથી તંત્રએ આ અંગે બાંધકામ સાઈટના સંચાલકોને જ તેના વાહનમાં મજૂરોને લઈ આવવા આગ્રહ કરવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે બાંધકામ સાઈટના મજૂરો, ઈંટના ભઠ્ઠા પર કામ કરતા શ્રમિકોને બધુ મળી ૨૦ હજારથી વધુ મજૂરો જિલ્લામાં હાલ રોજગારી મેળવી રહ્યા છે.

તંત્રએ જે હેલ્થ કાર્ડ આપવાનું નક્કી કર્યું છે તેમાં તેના બ્લડગૃપ ઉપરાંત હાલનું રોજગારીનું એડ્રેસ તેમજ તેના વતનનું સરનામુ અલગ અલગ દર્શાવવાના રહેશે. આ ઉપરાંત તે કેટલા સમયથી આ સાઈટ પર કામ કરે છે, છેલ્લે કંઈ બિમારી થઈ હતી અને ક્યાંથી સારવાર મેળવી હતી તે વિગતો પણ લખવાની રહેશે. હેલ્થકાર્ડમાં જે તે મજૂરોનો ફોટોગ્રાફ્સ પણ લગાવવાનો રહેશે.

જિલ્લાતંત્રએ હાલ આ કવાયત હાથ ધરી આગામી દિવસોમાં જિલ્લામાં રોગચાળાની પરિસ્થિતિને ઉભી થતી અટકાવવાની દિશામાં આ મહત્વનું કદમ ઉઠાવવાનો નિર્ણય કરેલ છે.

આ મજૂરો અભણ હોવાથી

● અનુસંધાન સાતમા પાને















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com